GJVD190004582025

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૯/૧૦/૨૦૨૫ |
| નોંધણી તારીખ | ૨૯/૧૦/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૩/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષઃ માસઃ દિવસઃ |
| | ૦૦ ૦૫ ૧૫ |

**મે.ડેસરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની(પૂજા રાઠોર) અદાલત સમક્ષ, મુ.ડેસર, જિ. વડોદરા.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રીમીનલ કેસ નંબર | ► | ૨૨૪/૨૦૨૫ | | આંક. | ► | ૧૬ |

| ફરીયાદી | ▲ | આરોપી |
|---|---|---|
| શ્રી સરકાર | વિરૂધ્ધ ▼ | અજીતભાઇ ઉર્ફે રંગીત વીનુભાઇ પરમાર<br>રહે. મીઠાપુરા(કૃષ્ણનગર), તા.સાવલી, જિ.વડોદરા. |

| | | |
|---|---|---|
| ગુન્હો | ⇨ | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ- ૧૧૮(૧), ૨૯૬(ક) તથા G.P. Act ૧૩૫ મુજબનો... |

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ... તરફે. | વિ.એ.પી.પી.શ્રી | જે.યુ.શેખ |
| આરોપી પક્ષ... તરફે. | વિ.વકીલશ્રી | આર.એચ. રાઉલ |

**-: ચુકાદો :-**

**(૧)** વર્તમાન આરોપી વિરૂધ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ- ૧૧૮(૧), ૨૯૬(ક) તથા G.P. Act ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓનો આક્ષેપ છે.

**(૨)** આ કામે ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીનાઓએ ફરિયાદી પાસે પૈસાની ઉઘરાણી કરતા ફરિયાદીએ

પૈસા ચૂકવી દીધેલ હોવાનું કહેતા આરોપીનાઓ ઉશ્કેરાઇ જઇ ગમેતેમ ગાળો બોલી તેમના હાથમાંની લાકડી ફરિયાદીને માથાના ભાગે મારી સામાન્ય ઇજાઓ પહોંચાડી મહેરબાન જિલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ- ૧૧૮(૧), ૨૯૬(ક) તથા G.P. Act ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૩) પોલીસ અહેવાલ રજુ થતાં, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ- ૧૧૮(૧), ૨૯૬(ક) તથા G.P. Act ૧૩૫ના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઇ, કલમ-૨૦૪ અન્વયે સમન્સ કરતાં, હાજર થતાં, કલમ-૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, તહોમતનામું આંક-૦૬થી ફરમાવતાં આરોપીએ ગુનાનું ઇન્કાર કરતું આંક-૦૭ના નિવેદનથી ગુન્હા અંગેનો ઇન્કાર કરેલ છે. જેથી ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષ ધ્વારા નીચે મુજબ પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરિયાદી હરપાલસિંહ ભુપેન્દ્રસિંહ પરમારનાઓની જુબાની |
| ૨ | ૧૦ | પંચ વિજયસિંહ નટવરસિંહ પરમારનાઓની જુબાની |
| ૩ | ૧૨ | પંચ દિલીપસિંહ ભલસિંહ પરમારનાઓની જુબાની |
| ૪ | ૧૩ | પંચ ગોપાલભાઇ મહીપતસિંહ પરમારનાઓની જુબાની |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | અસલ ફરિયાદ |
| ૨ | ૧૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૪ | આરોપીની શરીરસ્થિતિનું પંચનામું |

(૫) વધુમાં ફરીયાદ પક્ષે આંક–૧૫થી કલોઝીંગ પુરસીસ આપતા ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરેલ અને આ સિવાય ફરીયાદ પક્ષ તરફથી અન્ય કોઇ પુરાવો નથી. ફરિયાદ પક્ષ તરફે આરોપીના વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**<u>ક્રિમી. પ્રોસી. કોડની કલમ– ૩૧૪ અન્વ્યે પક્ષકારોએ કરેલ દલીલો.</u>**

(૬) ફરીયાદ પક્ષ તર્ફે વિ. એ.પી.પી.શ્રી જે.યુ.શેખે દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરિયાદી પાસે પૈસાની ઉઘરાણી કરતા ફરિયાદીએ પૈસા ચૂકવી દીધેલ હોવાનું કહેતા આરોપીનાઓ ઉશ્કેરાઇ જઇ ગમેતેમ ગાળો બોલી તેમના હાથમાંની લાકડી ફરિયાદીને માથાના ભાગે મારી સામાન્ય ઈજાઓ પહોંચાડી મહેરબાન જિલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે. આમ આ કામે આરોપી સામે જે કલમો મુજબના ગુનાના આક્ષેપ છે, તે મુજબનો પુરાવો દરકે સાહેદોએ રેકર્ડ પર આવેલ છે અને ફરિયાદપક્ષ તેઓએ તપાસેલા સાહેદોની જુબાની થકી આરોપીઓ સામેના ગુનાનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોય, આરોપીઓને મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીએ દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદમાં જણાવેલ હકીકત અને સાહેદોની હકીકત અલગ–અલગ રીતે જણાઈ આવે છે અને આ કામે ફરીયાદી ફરીયાદ આપવાનું કોઈ કારણ જણાઈ આવતુ નથી. આ કામે ઈજા પામનાર ફરિયાદીએ દવાખાને કોઈ સારવાર કરેલ નથી અને કઈ પ્રકારથી ઈજા તેઓને થયેલ છે તે જણાવેલ નથી. જેથી ફરિયાદીને કોઈ વ્યથા થયેલ હોય તે માની શકાય નહી. વધુમાં ફરીયાદી મુદ્દામાલ પણ ઓળખી બતાવેલ નથી. સાહેદો ફકત તેમના કુટુંબના વ્યકિત છે. ફરિયાદ ખોટી બનાવટી ઉભી કરી અને લખાવેલ હોય તેવું લાગે છે અને ફરિયાદ પક્ષના વકીલશ્રી પુરાવા સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે. જેથી

આરોપી નિર્દોષ હોવાનું સાબિત થાય છે. જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા રજૂઆત કરેલ છે.

(૭) આ કામે કેસનો ન્યાયી નિર્ણય કરવા માટે નીચેના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

(૧) શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આ કામના આરોપીનાઓએ ફરિયાદી પાસે પૈસાની ઉઘરાણી કરતા ફરિયાદીએ પૈસા ચૂકવી દીધેલ હોવાનું કહેતા આરોપીનાઓ ઉશ્કેરાઇ જઇ ગમેતેમ ગાળો બોલી તેમના હાથમાંની લાકડી ફરિયાદીને માથાના ભાગે મારી સામાન્ય ઈજાઓ પહોંચાડી મહેરબાન જિલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ- ૧૧૮(૧), ૨૯૬(ક) તથા G.P. Act ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

// કારણો //

<u>મુદ્દા નં.૧–</u>

(૯) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે

પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનુ હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદ્દમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ દ્રારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનુ ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. "પુરાવાનું મુલ્યાંકન" શબ્દ ભારતીય પુરાવા અધિનિયમમાં કોઇ પણ સ્થાને વ્યાખ્યાયીત કરવામાં આવેલ નથી. "પુરાવાનું મુલ્યાંકન" ફકત અને ફકત ભારતીય પુરાવા અધિનીયમ કલમ-૩માં દર્શાવેલ PROVE અને NOT PROVE શબ્દો ઉપર અવલંબે છે. કોઇ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવુ કે બિનઅસ્તિત્વ સાબિત માનવુ તે મુલ્યાંકનનો વિષય છે. આ પૂર્વભુમિકા સંદર્ભે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરી ફરીયાદ પક્ષ આરોપી સામેના તહોમત કે તે પૈકીનું કોઇ પણ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

(૧૦) ફરિયાદપક્ષ તરફે ફરિયાદી હરપાલસિંહ ભુપેન્દ્રસિંહ પરમારનાઓને આંક-૦૮થી તપાસેલા છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તારીખ ૦૬/૦૮/૨૦૨૫ના રોજ તેઓ તેમના ઘરેથી મેવલી ગામે ટ્રેકટરની લોન કરાવવા ગયેલ હતા. તેઓએ લોનનું કામ પુરૂ કરી સાંજના આઠેક વાગ્યે ગુલાબપુર પાયટોમાં રહેતા તેઓના કાકાના દીકરા જીગ્નેશભાઇના ઘરે જમવા ગયેલ. તે વખતે તેઓના મોબાઇલ ફોનમાં તેઓના ગામના અજીતભાઇ ઉર્ફે રંગીતભાઇનો ફોન આવેલ. તેઓએ જમીને ફોન ઉપાડતા અજીતભાઇએ તેમના ઉઘરાણીના પૈસાની માંગણી કરેલી. એ પછી તેઓએ 'તમારી દુકાને આવું છું' તેમ કહીને

દુકાને ગયેલા અને તેઓએ જણાવેલ કે ઉઘરાણીના પૈસા આપી દીધેલ છે. જે બાબતે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય બીજું કંઇ બનેલ નહી. તેઓને મુદામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકતા ન હોવાનું જણાવે છે. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી છે. જેને રજૂ દાખલ આંક-૯ આપવામાં આવેલ છે. તેઓ આરોપીને ઓળખે છે જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ હોવાનું જણાવે છે.

ત્યારબાદ ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર ફરિયાદીને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર ફરિયાદીની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ અને આરોપી એક જ ગામના છે. જેથી તેઓને ઓળખે છે. એ હકીકત સ્વીકારેલ છે કે, કહેવાતો બનાવ બનેલ ત્યારે ટોળું ભેગું થઇ ગયેલું અને તેઓને ચકકર આવવાથી તેઓ નીચે પડી ગયેલ. ત્યારબાદ શું બનેલ તેની તેઓને ખબર નથી. એ હકીકત સ્વીકારેલ છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કંઇ બનેલ નહીં.

(૧૧) ફરિયાદપક્ષ તરફે પંચ સાહેદ વિજયસિંહ નટવરસિંહ પરમારનાઓને આંક-૧૦થી તપાસેલા છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આશરે છએક મહિના પહેલા તેઓએ એક લખેલા કાગળ ઉપર લહેરીપુરા બસસ્ટેન્ડ ઉપર સહી કરેલ હતી. આ સહી શા બાબતની કરેલી તેની તેઓને ખબર નથી. તેઓને ગુનાવાળી જગ્યાનું અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. જે અસલ પંચનામાને રજૂ દાખલ આંક- ૧૧ આપવામાં આવેલ છે. તેઓને ગુનાવાળી જગ્યા પર લઈ ગયેલ હોય અને તેઓની હાજરીમાં પોલીસે પંચનામું લખેલ હોય તેવું બનેલ ન

હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ પંચ સાહેદ પોતાની ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર પંચ સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પંચ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ રસ્તેથી જતા હતા અને પોલીસના કહેવાથી સહી કરેલી. સહી કર્યા સિવાય બીજું કંઇ તેઓને ખબર નથી.

**(૧૨)** ફરિયાદપક્ષ તરફે પંચ સાહેદ દિલીપસિંહ ભલસિંહ પરમારનાઓને આંક–૧૨થી તપાસેલા છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આશરે આઠેક મહિના પહેલા તેઓએ એક લખેલા કાગળ ઉપર લહેરીપુરા બસસ્ટેન્ડ ઉપર સહી કરેલ હતી. આ સહી શા બાબતની કરેલી તેની તેઓને ખબર નથી. તેઓને આંક– ૧૧વાળુ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ. ૨ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે.. તેઓને ગુનાવાળી જગ્યા લઈ ગયેલ હોય અને તેઓની હાજરીમાં પોલીસે પંચનામું લખેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ પંચ સાહેદ પોતાની ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર પંચ સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પંચ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ રસ્તેથી જતા હતા અને પોલીસના કહેવાથી સહી કરેલી. સહી કર્યા સિવાય બીજું કંઇ તેઓને ખબર નથી.

**(૧૩)** ફરિયાદપક્ષ તરફે પંચ સાહેદ ગોપાલભાઇ મહીપતસિંહ પરમારનાઓને આંક–૧૩થી તપાસેલા છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આશરે

છએક મહિના પહેલા હું લહેરીપુરા મુકામે દુકાને સામાન લેવા ગયેલ હતો ત્યારે પોલીસે એક લખેલા કાગળ ઉપર તેઓની સહી કરાવેલી. આ સહી શા બાબતની કરેલી તેની તેઓને ખબર નથી. તેઓને શરિરસ્થિતીનું અસલ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૨ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવેલ છે. સદર પંચનામાને રજૂ દાખલ આંક–૧૪ આપવામાં આવેલ છે. તેઓની હાજરીમાં કોઈ ઈસમને પકડેલ હોય અને તેના શરીરસ્થિતીનું પંચનામું કરેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ પંચ સાહેદ પોતાની ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર પંચ સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પંચ સાહેદ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, તા.૧૫/૦૮/૨૦૨૫ના રોજ પોલીસે તેઓની હાજરીમાં આરોપીની શરીરસ્થિતિનું પંચનામું કરી તેઓની સહી લીધેલી. એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, તેઓ આરોપીને બચાવવા ખોટી જુબાની આપે છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> :–**

**(૧૫)** આ કામે ફરિયાદની હકીકત ધ્યાને લેતા આ કામના આરોપીનાઓએ ફરિયાદી પાસે પૈસાની ઉઘરાણી કરતા ફરિયાદીએ પૈસા ચૂકવી દીધેલ હોવાનું કહેતા આરોપીનાઓ ઉશ્કેરાઈ જઈ ગમેતેમ ગાળો બોલી તેમના હાથમાંની લાકડી ફરિયાદીને માથાના ભાગે મારી સામાન્ય ઈજાઓ પહોંચાડી મહેરબાન જિલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ– ૧૧૮(૧), ૨૯૬(ક) તથા G.P. Act ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાનું આરોપી ઉપર તહોમત છે.

**(૧૫.૧)**સમગ્ર પુરાવો જોતાં આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તેમની જુબાનીમાં ફરીયાદની હકીકતોને સમર્થન કરેલ નથી. આ કામે આંક–૦૮થી તપાસેલા ફરિયાદી હરપાલસિંહ ભુપેન્દ્રસિંહ પરમારનાઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપી અને ફરિયાદી વચ્ચે સામાન્ય બોલાચાલી જ થયેલી. બીજું કંઇ બનેલ નહી. આમ, આરોપીએ તેઓને ગમેતેમ ગાળો આપી લાકડીથી ઈજા કરેલ હોય તેવી હકીકતને સહેજ પણ સમર્થન આપેલ નથી. તેમજ ફરિયાદી મુદામાલ લાકડી પણ ઓળખી ન શકતા હોવાનું જણાવે છે. આમ, ફરીયાદીના મૌખીક પુરાવામાં બનાવમાં ફકત સામાન્ય બોલાચાલી થયેલ હોવાની અને તે સિવાય બીજું કંઇ બનેલ ન હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં, બચાવપક્ષ તરફ કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાાદીએ એ મહત્વની હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે ટોળું ભેગું થઈ ગયું હતું અને તેઓને ચક્કર આવતા તેઓ નીચે પડી ગયા હતા. આ હકીકત પરથી એવું તારણ નીકળે છે કે ફરિયાદીને થયેલી સંભવિત ઈજાઓ નીચે પડી જવાને કારણે પણ હોઈ શકે છે. આમ, ફરિયાદી પોતે જ બનાવની હકીકત અને આરોપીની સંડોવણી બાબતે શંકા ઊભી કરે છે. જ્યારે કેસનો મુખ્ય સાક્ષી અને ઈજાગ્રસ્ત વ્યક્તિ જ ફરિયાદપક્ષના કથાનકને સમર્થન ન આપતી હોય, ત્યારે માત્ર ફરિયાદીની ફરિયાદમાં સહીના આધારે આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહીં. આમ, ફરિયાદીનો પુરાવો આરોપીને ગુના સાથે સાંકળવામાં નિષ્ફળ નીવડેલ છે.

(૧૫.૨)ફરિયાદ પક્ષે બનાવવાળી જગ્યાના પંચનામા(આંક–૧૧)ના પંચ સાહેદો વિજયસિંહ નટવરસિંહ પરમાર(આંક–૧૦) અને દિલીપસિંહ ભલસિંહ પરમાર(આંક–૧૨)નાઓને તપાસેલા છે. આ બંને સાક્ષીઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ લહેરીપુરા બસ સ્ટેન્ડ પાસે માત્ર પોલીસના કહેવાથી કાગળ પર સહી કરેલી હતી. તેઓને પંચનામાની વિગતોની કોઈ જાણકારી નથી, કે તેઓની હાજરીમાં પોલીસ દ્વારા કોઈ પંચનામું કરવામાં આવ્યું નથી. તેવી જ રીતે, આરોપીની શરીરસ્થિતિના પંચનામા(આંક–૧૪)ના પંચ સાહેદ

ગોપાલભાઈ મહીપતસિંહ પરમાર(આંક–૧૩)નાઓએ પણ પોતાની જુબાનીમાં ફરી ગયેલા છે અને તેઓની હાજરીમાં આરોપીની અટક કે શરીરસ્થિતીનું કોઇ પંચનામું થયેલ હોવાનો સ્પષ્ટ ઈનકાર કરેલ છે. તેથી સદર પંચોની હાજરીમાં પોલીસે પંચનામાં કરેલ હોય તે હકીકત પણ પુરવાર માની શકાય નહી. ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિદ્ધાંત મુજબ, આરોપી વિરુદ્ધનો ગુનો નિઃશંકપણે (Beyond reasonable doubt) પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે. પરંતુ અહીં, કેસના મહત્વના સાક્ષીઓ 'હોસ્ટાઇલ' જાહેર થયેલા હોવાથી અને ઉલટતપાસમાં પણ કોઈ ફળદાયી હકીકત નીકળી આવેલ ન હોવાથી, આરોપીની સદર ગુનામાં સંડોવણી હોવાનું સાબિત થતું નથી. આમ, ફરીયાદપક્ષે રજૂ પુરાવા ઉપરથી આરોપી દ્વારા કહેવાતો ગુન્હો કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૧૬) વધુમાં હાલના કામે તમામ આરોપી વિરૂધ્ધ જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો આચરેલ હોવા અંગેનો પણ આક્ષેપ કરવામાં આવેલ છે. સદર હકીકતના સંદર્ભે સમગ્ર પુરાવો વંચાણે લેતાં ફરિયાદપક્ષ દવારા સદર બનાવ તારીખના રોજ જીલ્લા મેજી.સા.નુ હથિયારબંધી અંગેનુ જાહેરનામુ અસ્તિત્વમાં હતું તે અંગેના જાહેરનામાની નકલ હાલના કામે રજુ રાખવામાં આવેલ છે. તે સંજોગોમાં સદર બનાવ તારીખના દિવસે જીલ્લા મેજી.સા., વડોદરા નાઓનુ હથિયારબંધીનુ જાહેરનામા અંગે બહોળી પ્રસિધ્ધી થયેલ હતી કે કેમ તે બાબત ફરીયાદ પક્ષ સ્પષ્ટપણે રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમજ પ્રસ્તુત કેસમાં ફરિયાદી કે પંચ સાહેદો પૈકી કોઈપણ સાક્ષીએ આરોપીના કબજામાં લાકડી હોવાની કે આરોપીએ તેનાથી ઈજા કરીને જાહેરનામાનો ભંગ કર્યો હોવાની હકીકતને સમર્થન આપેલ નથી. તે સંજોગોમાં હાલના કામના તમામ આરોપીઓને સદર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય જેથી જી.પી. એકટની કલમ–

૧૩૫ અંગેના સજાને પાત્ર ગુનામાંથી તમામ આરોપીને શંકાનો લાભ આપવાનું ન્યાયોચિત જણાઈ આવે છે.

**(૧૭)** વધુમાં ક્રિમીનલ કેસમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વાજબી શંકાઓથી પર સાબિત કરવાનો હોય છે. હાલના હાથ પરના કેસમાં રેકર્ડ પર આવેલ ઉપરોકત પુરાવામાં આ કામના આરોપીનાઓએ ફરિયાદી પાસે પૈસાની ઉઘરાણી કરતા ફરિયાદીએ પૈસા ચૂકવી દીધેલ હોવાનું કહેતા આરોપીનાઓ ઉશ્કેરાઇ જઇ ગમેતેમ ગાળો બોલી તેમના હાથમાંની લાકડી ફરિયાદીને માથાના ભાગે મારી સામાન્ય ઈજાઓ પહોંચાડી મહેરબાન જિલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ- ૧૧૮(૧), ૨૯૬(ક) તથા G.P. Act ૧૩૫ મુજબના ગુનાના કામે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી તેવું આ અદાલતનું માનવુ હોઈ આ અદાલત મુદ્દા નં.૧ નો જવાબ ''**નકારમા**'' ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## // <u>આખરી હુકમ</u> //

૧) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ- ૨૪૮(૧) અન્વયે આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ- ૧૧૮(૧), ૨૯૬(ક) તથા G.P. Act ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨) આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/- ના જામીન રજૂ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હથિયારનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૩મી, માહે– એપ્રિલ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખઃ ૧૩/૦૪/૨૦૨૬<br>સ્થળઃ ડેસર, વડોદરા | **(કુ. પુજા રાઠોર)**<br>**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,**<br>**ડેસર, જી.વડોદરા**<br>**Code No.GJ-01625** |

(કુશલ)